
દાદારનું દાસ્તાન"

યાને

: દાદાર અહુરમજદના ૧૦૧ નામોની તપસીલ.



કર્તા—" હુરમીસ."

આ પુસ્તક ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઓરફનેજ
કેપટન પ્રિંટીંગ વર્કસ, નંબર ૧૪૧, લાલબાગ, પરેલ,
મુંબઈમાં મેહરજી બેહરામજી મીઠાઈવાલાએ છાપ્યું છે, અને
મી૦ હોરમસજી શેરાબજી મીસ્ત્રીએ દીસોઝા બીલડીંગ,
ગોવાલ્યા તલાવ, મુંબઈ મધે પોતાને માટે પ્રગટ કીધું.

દીબાચો.

જરથોસ્તી નીતીના ખ્યાલોનુ પુસ્તક જેનું નામ "દાદારનું દાસ્તાન" આપવામાં આવ્યું છે તે તેના કર્તા મી. "હરમીસે" હમદીન સંગીતના શોખીનો માટે રચ્યું છે. ગેબી કાર્યસાધક અસર ધરાવનાર ૧૦૦૧ "સ્તોત" અને "અહુનવર"ના નાદની ગતીથી ઉત્પન થતા, અસલ કુદરતના રંગોના પ્રવાહોના નામોમાના, ફકત "૧૦૧" આપણી પાસે બચી રહેલાં છે, તેનો શબ્દાર્થ લઈને મી. હરમીસે ગાયન આકારમાં રજુ કરયા છે. અલબતાં "સ્તોત યસ્ન" ને કાયદે આ "૧૦૧ ઇસ્મ" ના બાતેન અર્થો, ઘણાજ ઉંડા, ગુહય, તથા દીલપઝીર છે, અને એક એક ઇસ્મ ઉપર એક એક મોટું પુસ્તક લખાય એવી "તાવીલ" તેમાં સમાયલી છે, અને આ "૧૦૧" ઇસ્મ, ચોકસ કારણોસર, ચોકસ સંજોગોમાં એક "તસ્બીહ" યા એથી વધુ "તસ્બીહ" એમ ચાલુ ભણવામાં આવે છે અને પોતીકી "સ્તોત" ને કાયદે ખાસ અસર ધરાવે છે. મી. હરમીસે મ્હારી "આફરીન બા માએની" નામની ચોપડીમાં જે શબ્દાર્થ ફકત મેં આ ૧૦૧ ઇસ્મના આપવાની કોશેશ કરી છે, તે શબ્દાર્થ ઉપરથી આ નામોનો અર્થ લઇને, ઘણીજ સરળ ભાષામાં ત્રણ જાતના રાગમાં ગાઇ શકાય તેમ આ ૧૦૧ નામો ગાયન રૂપે વાળી લીધાં છે. ગાતી વખતે ફકત તેનીજ ઉપર ગાનારના વિચારો દોડે છે, અને સાધારણ પ્રકૃતિના મગજવાળાં છોકરાંઓ તેમજ બાનુઓ અને ગ્રહસ્થો માટે આવા ઉંચ મીનોઇ "માથ્ર" યાને વિચાર ચાલુ રાખનારા ગાયનો, ખરેખર આવકારદાયક લેખાવાં જોઇએ. જોકે જરથોસ્તી દીનના ગુહય બાબદોને લગતાં ગાયનો રચવાની કોશેશો, અવારનવાર મી. હરમીસ કરતા રહે છે, છતાં તે બાબદોને એવી તો સહેલી ઇબારતોમાં મુકે છે કે, ગાનાર ઘણાં સેહેજ વખતમાં તેની અંદર સમાયલા "મીથ્ર" માં લીન થઇ શકે છે. મી. હરમીસની આ કોશેશો જરથોસ્તી ગાયનકળામાં પહેલ વહેલીજ છે. કેમકે અત્યાર આગમજ, જરથોસ્તી ધર્મની બાબદોને આધારે બીજાઓ તરફથી ગાયનો રચવામાં આવેલાં છે તે ગાયનોમાં, અને મી. હરમીસના ગાયનોની વધુ ઉંડી બાબદોમાં ખાસ ફરક રહેલો છે, આ સ્થૂળ ખ્યાલોના જમાનામાં જરથોસ્તી ધર્મની અસલ બાબદો અને ઉંડાણ રહસ્ય, ગાયન રૂપે મી૦ હરમીસ બહાર પાડી "મીથ્ર" યાને વિચારોને કાયદે, હમદીનોમાં નીતીવચન, અને શ્રેષ્ટ જરથોશ્તી નીતીવચન તથા અશોઇને લગતાં સીધ્ધાંતોનું શિક્ષણ આપતા રહે છે, એ ખરેખર ખુશી થવા જોગ છે, અને મી૦ હરમીસ પોતાની એવી કોશેશો ચાલુ રાખતા રહે અને, ખુદા એ કામમાં તેવણને મદદ કરે એવી દુવા સાથે આ ચોપડીને, હમદીનો તેની અંદરના અસલ જરથોશ્તી વીચારોને ખાતર વાજબી ઉતેજન આપશે એવી આશા રાખવામાં આવે છે.

૧૦૮, ચંદનવાડી, મુંબઈ. ફીરોજ શાપુરજી મસાની.

બે બોલ

પ્રિય વાંચનાર! અહુરાના, યાને ખુદાના "ભાન" સાથ "એકતાન" થવા માટે અનેક માર્ગો જાણીતા છે, જેમાં હઠ માર્ગ–(યાને બદનને કષ્ટ દેવાનો), ભક્તિ માર્ગ (યાને બંદગી કરવાનો), અને સત માર્ગ (યાને સાચુંજ બોલી વર્તવાનો) એવા ઇત્યાદિ માર્ગો છે. પણ તે ઉપરાંત બીજો માર્ગ, તે "જ્ઞાનમાર્ગ" છે. યાને જ્ઞાન મેલવી આત્માને રોશન કરવા. "જ્ઞાન માર્ગ," મનને જેવો મોજ આપે છે, તેવી કદી બીજાથી મલતી નથી. સારૂં વાચન, વિવેક વાણીથી ભરપુર વાંચન, નિતીની રીત શિખાડતું વાચન આખેર તક જળવાશે. જેમાં મનને મથન કરી રાખવાથી, ખાસ હોશં પર કઠણ થઇ ગએલું હૈડું, ધીમે ધીમે નરમ પડશે. "મન" જ્યારે બધી મોજથી થાકશે, ત્યારેજ તે "જ્ઞાન માર્ગ" માં સુખ જોશે. જે માર્ગ ઉપરનું વાચન વાચતાં, સઘળા મહાન નરનારીઓ, જાણે ત્હારી ખીદમતમા હાજર રહેવા હોશ આપતાં હોય તેમ દેખાશે, તેઓ ત્હારા હંમેશાના સાથીઓ હતાં, તે પ્રિય વાંચનાર, તું ત્યારેજ જાણશે, કે જ્યારે ત્હારૂં મન મુગ્ધ ભાવથી ભરપુર ભરેલા ભાવનું વાચન વાંચવા કોશેશ કરશે. જેઓએ વાચનમાં સુખ મેલવ્યું, તેઓએ જાણે અહુરાની, યાને ઇંશ્વરનીજ મતિમાં જોઇ. પણ તે વાચન, ઉચ્ચ જાતનું, ઉચ્ચ હુનર કળાનું, ઉંચ કવેતનું, ઉંચ ખ્યાલ આપતાં ભક્તિભાવના ભેદનુંજ હોવું જોઇએ. જેમાં "ધર્મ રસ," કુદરતનો કસ, ઉંચ કાર્ય માટેના જેહમતના જશનો, યશ દેતો ખ્યાલ મલતો હોય. એવી ઉમેદ સાથે મ્હારૂં આ છઠ્ઠું પુસ્તક "દાદારનું દાસ્તાન" યાને અહુરમઝદના એકસો એક નામની તફસીલ, પ્રિય ભાઇ બેહનો તમો સમક્ષ રજુ કરૂંછુ. (જેના અર્થો શોધી આપનાર મ્હારા પ્રિય મિત્ર ફીરોજશા મસાનીનો ઉપકાર માનું છું), જે સહવારની ફુરસદે મુનાજાત, યા માલકોશ, મા બપોરના ફુરસદ સમયે "પીલુ" મા–યા રાત્રીના સમયમાં કાહાન્ડામાં ગાઇ શકાએ એમ છે. તે વાંચી આનંદ થાયે, તો તે આનંદ ત્હારોજ છે, કારણ કે અહુરાનાજ ભાન તરફ ત્હારૂં મન અને બદન, તેના સર્વે મનુઓ સાથ, તે માહા પિતાને યાદ કરતા હોવા જોઇએ ત્યારેજ તુંને સુખ થાયે છે—સદા ગાતા રહો! તે દાદારના દાસ્તાનની યાદ–તો જાણજો કે તેનો આખેર અંજામ જે જોશો તે જીંદગીની શાદમાની, આબાદ છે—

જ્ઞાનમાર્ગજ," ધર્મ ઉપર ધ્યાન, મનુષ્ય પર માયા, ન્યાય પર નિયમ દુશમન પર રહેમ, સંસાર પર શાન્તિ, રંકપર રહેમદીલી ધરાવતાં શિખવેછે.

(સેવટે નોટેશન આપ્યું છે—તે ઉપર ધ્યાન ખેંચું છું.)

"પાક અહુરમઝદ" તુંને મ્હારૂં નમન!

દાદારનું દાસ્તાન.

ઓ મહાબાપ! ઓ પ્યારા પિતા! ઓ તાજના તાજ! ઓ આલામાં આલા! ઓ જ્ઞાની, મહાજ્ઞાની! ત્હારી સ્યાનીની હું કેવી રીતે તારીફ કરી શકીશ? ત્હારી અનહદ બક્ષેસની હું કેવી રીતે ગીણતી ગણી શકીશ? ઓ રહેમીલા રહેમાન, ત્હારા અગણિત કાર્યોનો ખ્યાલ, હું કેમ કરી આપીશ? જીવનથી મરણ તકના રક્ષણહાર, પાળણહાર માહા બાપ, ત્હારા ગુણ ગાવા મ્હારી શકિતજ કયાં છે? ઓ દયાળુ દાદાર, ઓ ખીલેલા ખાવર, તુંથી કોઇનેબી હું બળવાન નહિ જાણું, નહિજ માનું. તું અવ્વલથી આખેર સુધીનો જીવાડનાર, મારનાર, તારનાર, છે અને રહેશે. માફ કર ઓ રહેમીલા રહેમના કરનાર કીરતાર, મ્હારી ભુલોને! માફ કર, ઓ જોરેમંદ નૂરેમંદ, મ્હારી અજ્ઞાનતાને! અને સદાની શાન્તિ માટે, તું હરહાલ મદદ આપ! એજ આમીન!

"અહુરમાં અમારી આસા."

સદા તુંજ સ્હાય—સદા તુંજ સાથ, વહે સર્વસ્થાને—સબળ તુંજ હાથ!
રહી એજ આશા—રહી એ ઉમેદ, ખોલે તું મ્હારો—મનો રંગ ભેદ!
નમું ને નમું—રોજ દીન રાત, ટળી જાય જેબી—મુજ હોય ઘાત!
અવ્વલ ને આખેર—તુંજ અને તુંજ, આપ શકિત "અહુરા"—સુદ્ધ રહે સુજ!

પાક અહુરા મઝદાના ૧૦૧ પાક પવિત્ર નામોને હું આરાધું છું.

મોનાજાત—યા—માલકોશ ત્રીતાલ.

"યજદ" નામ ત્હારૂં, આરાધું હું,
આરાધીને ખુશ હું બહુ રહું.
વળી નામ બીજું જે "હરવેસ્પ તવાન"
મુખપર લેતાંજ, ખુશ રહે છે જાન.
આપે તે યાદી, કે "તે શક્તિમાન,
જગની પેદાયશનો તે જીવજાન"
"હવરેસ્પ-આગાહ," જે ત્રીજું ખરૂં
તેમાં, ને તેમાંજ, મનરે ભરૂં.

ભર્યા છે તેમાંજ "જ્ઞાની ભરમ"
બોલે છે, તે મ્હારા "મનનું કરમ."

ચોહું જે જાણું, તે "હરવેસ્પ-ખુદા"
સમજણ દીધી કે "ના કોઇ જુદા"

સર્વેનો તે અને તેજ એક બાપ
કોઇ અરે નહિ ખાશો રે થાપ!

"અબદહુ", તો આપે છે એવો હીસાબ
કશી શરૂઆત વિનાનો તે "બાપ."

છહું જે જાણું તે "અબી-અંજામ"
ન તેનો છેડો ન આખેર અંજામ.

"બુને-સ્તીહુ" ને જાણી લેવોરે યાર
ગેતીનો મૂળ છે, તે પરવરદીગાર.

"ફ્રાશ્ચન-તેહુ" માં છે એવો તો આશ
સર્વેનો છેડો છે તેનીજ પાસ.

"જમગ" માં ભરેલો દરજ્જો ભલો
જાણીજ લેવા, એ સર્વે મળો!

"પરજતરહુ" છે યારો, સૌથી સરસ
ન તેની આગળ, સરસ કોઇ રસ.

ખરે "તૂમ-અફીક" તો ખાલેસ છે
એથી બીજો કોણ સાલેસ છે?

કદી કોણ પોંહચે "અબરવંદ" પાસ
અલગ તે બધાથી રહ્યો તેજ ખાસ.

"પરવંદા" એ ફેલાવ્યો જગપર હાથ
સંબંધ રાખીને દીધો છે સાથ.

"અન-અઇયાફહુ" છે, તેનુંરે નામ
ભર્યા છે જેમાંરે બેહદ દમામ.

ખુબી ન જાણુંરે શીલસુફ તમામ
એવો ખરો તે ખરો નેકનામ.

"**હુમ અઇયાફેહ**" માં જે ખુબી ભરી
બધાની, જે વાતો, તે જાણે ખરી.
"**આદરો**" નેક અને રાસ્ત દોસ્ત છે
ભરપુર તેમાં રે નેક હોંશ છે.
"**ગીરા**" તો ખલકતે, રાખે નિગાહ
ચક્ષુ હઝારો, ફરે જાબજા.
"**અ—ચેમ**" નો રે ભેદ કોઇ જાણે નહિ
સબબ સાથ કારણ, ખ્યાલે નહિ.
"**ચમના**" તો છે એક મોટોજ "રબ"
સબબોનો આપે છે, તે તો સબબ.
"**સફના**" તો વૃદ્ધિનો કરનાર છે
નેકી ને ખુશીનો ભરનાર છે.
"**અફજા**" તમોને તો વૃદ્ધિ દીયે
તેને જે ચાહે તે અમૃત પીયે.
"**નાશા**" તો કરતો છે રાસ્તી અમલ
સ્વચ્છ, ન્યાય દેતો છે તે પળપળ.
"**પરવરા**" પાળે છે જીવજંતને,
અમલે ધરો તમ બહુજ ખંતને!
"**ઇયાનહ**" મનુષ, જંતને જોનાર છે
તેજ કુલ પાપોને ધોનાર છે.
હમેશા કરો તેની તમ આજુજી!
પામો તમો તેથી નેક બોખ્તગી.
તરેહદાર કાંઇ "**આઇન આએનેહ**" ન જાણુ
હમેશ જીવણુ તેમાંજ માન!
"**અન-અઇનહ**" પોતે કરે છે રે કામ
આકારનું ત્યાં નથી કાંઇ નામ.
"**ખોરશીદ-તૂમ**" તો સદા છે અચલ
દઢતાઇમાં પુર તેની છે કળ.

" મિનો તૂમ " તો સૌથી અણદીઠ છે
સર્વમાં ભ્રમેતું રે તે ચિત્ત છે.

" વાસ્ના " છે બન્ને જહાન સરફ્રરાજ
રજ રજમાં તેનું છે તાજ રાજ.

હસ્તીનો રાખનારો " હુરવસ્તૂમ "
બન્ને આ જહાંનો છે, તે વિન સુમ

" હુ—સેપાસ " ની જે સ્તુતિ કરે
ચરણો સઉ કોઇ તેના ધરે.

" હુર અમોદ " કરશે ઉમેદોને પુર
ભલો તે ખ્વાસ સૌને આપે છે નૂર.

" હુર-નેક-ફેરેહ " છે તો ઝલકતો પુરો
તમામ કુલ આલમનો, છે તે તુરો.

" એશ-તરના " ટાલે બધા દુખ દરદ
મદદ તેની ન હોય સઘળું છે રદ.

" તરોનીશ " ની ખુબી ઔર કાંઇ છે
આફતો ને તે તો ટાળીબી દે.

" અન-અઓશક " ફરોહરને બેમર્ગ કરેછ
અનંતકાળ ટક, તે તો જીવતું ફરેછ.

" ફરશક ", હરેક વાતોમાં યશ ધરે
યશ સાથ હર કામે જશબી ભરે.

ખુબીથી " પજો હુદ હુદ " જાહેર થયો
નેકીની ખસલતે હાજેર રહયો.

" ખવાફર " હમેશાજ મહેરબાન છે
ઇનસાફપર ધ્યાન એક શાન છે.

" અફખશીઆએઆ " ની બક્ષેશ બહુ
" બક્ષેશવાળી કહે છે " એમ હું કહુ.

" અવરજા " કરે છે સખાવત ઘણી
રંક યા તો ઝરદાર, હો, જો, ધણી.

"અ-સતોહ" ની સ્તુતિનો કઇ પાર છે
આજેજ વિના તે બેપાર છે.
"રખોહ" હમેશાં બેપરવાહ ફરે
ખુશી, હમેશાં તમોને ધરે.
"વરૂન" ટાલી દેશે રે ભયભીત સમો
તેના પરિતાપે તમરે જમો.
"અ-ફરેફહ" માં જોશો કદી ન ફરેબ
હરદમ હૃદયમા તે આપે છે જેબ.
"અ-ફરેફહ" ને કોઇ ઠગશે જરૂર
તેનું તરતમાંજ બાંગે ગરૂર.
"અ-હુઇ" ફરીયાદ સમજે ખરો
દેત્રાને ઉભો છે, ન્યાયજ, ખડો.
"કાંમે-રદ" મુરાદો તો રાખે ભલી
ફળશે રે ગેતીએ સુંદર કલી.
કરે છે, "ફરમાન કામ," કામ મરજીનું
ટાળે છે સંકટ હોય ગરજીનું.
"આએખ-તન," તનહાને પાર પાર છે
જગે જે મળ્યો, તે આ સાર છે.
કદી "અ-ફરેમોશ" ભુલતો નથી
યાદીએ હરદમ છે ફરતી ગતી.
"હમારના" કરે છે સઘલાનો તોલ
જેવું જે ચાહે છે આપે તે મોલ.
"સનાએઆ" પિછાણે છે ખુબી ખરી
લાયાકત, તે જુવે જ્યાં હોય બરી.
"અ-તર્શ" તો કદી કો'થી બીહતો નથી
દહેશત વિનાની તે રાખે ગતી.
"અ-બીશ" ને નથી કાંઇ આજાર દુખ
વરસ તેની છે ના-નથા તેને સુખ.

બુલંદ નેમ રાખે છે "અક્રાજદુમ"
બુલંદીની આગળ, અક્કલ છે ગુમ.
"હુમ ચૂન" હમેશ એક શાન છે
બુલંદ તેની રાહો ને નિશાન છે.
"મીનો-સ્તીહ-ગર" છે અણુદીઠ બાપ
માંગો સદા, "ઓ બાપ! દાદ આપ!"
મિનોઇનોજ દેનારો "અ-મીનો-ગર"
ઝુંકાવો! ઝુંકાવો! રે તે પાસ સર!
મિનોઇમાંજ રહેલો છે "મીનો નહુબ"
જગમાં ભરેલાં છે કામો અજાબ!
"આદર-આદ-ગર" એક પળમાં ખરે
આતશને બદલી હવા કરે.
"આદર-નમ-ગર" માં છે એવી સુરત
કે આતશની પાણીમાં બદલે મુરત
હવાને તે બદલીને આતશ કરે
ચમતકાર, વાહ! "બાદ-આદર-ગર" ધરે.
હવાને ફેરાવે તે પાણીમાં ઝટ
"બાડ-નમ-ગર" માં છે એવું રે સત.
વળી "બાદ-ગેલ-ગર" હજી શું કરે?
હવાને તે મીટીમાં ફેરવે ખરે.
વળી તે હવાની ગીરદ બી કરે
"બાદ-ગેરદ-તૂમ" માં એ યુકિત ખરે
"આદર-કીબરીત-તુમ" અજબ એક છે
કે આતશને ફેરવી ઝવાહીર કરે.
"બાદ-ગર-જાએ" એ હર હર તરાહ
ફેરતી ધરી છે રે આબો હવા.
વિશાળ જગમાં જોશો પાણીનો પુર
"આબ-તુમ" એ કર્યો અતિ ભરપૂર.
ખાકને પળકમાં તે અગ્નિ કરે
"ગેલ-આદર-ગર" એ બાજી ધરે.

" ગેલ-વાદ ગર " માંબી એવી ખુબી
ખાકને બનાવે પવન-તાજુબી !
ખાક માંહેથી પાણી કાઢે બી તે
" ગેલ-નમ-ગર " નામ કહેવા તું દે !

કવિનો કવિ, ને કારીગર બી તે
" ગર-ગર " નું નામ ગાવા રે દે !

"ગર-ઓ-ગર"-"ગર-આ-ગર," એ પાર છે
ચાલાક, દાનાવ, હુશીયાર છે.
વળી માહા ચાલાક, " ગર-આ-ગર-ગર "
નમાવો બદન ને નમાવો રે સર.
ચિતારો, બી તે, ને હુનરમંદ તેજ
" અગર-આ-ગર " નું ચલકે છે " તેજ "
ગ્નાની ને શાની બી તેમાં ભરી
" અ ગર-આ-ગર-ગર " માં પુર નુર ભરી.

ખરો છે-" અ-ગુમાંન " બેશક્ક ખુદા
હઝારો તે નામો હઝારો જુદા.
નથી " અ-જમાન " નો જમાનો અરે
આખેર ને અવ્વલ તે છે ખરે !

સદા ઉંઘ વગરનો " અ-ખુઆન " છે
રાત સાથ દીન તેને યકશાન છે.
સદા રહે છે " આમરત " સદા હુશીયાર
સદા દાદ માટે, સદાનો તે યાર.
" ફરશુતના, " તમારો સદા પાસબાન
લેવો તેથી, વૃદ્ધિ, ઇજત સાથ માન.

વળી " પદમાની " તો રાખે મિજાન
તેની નજરમાં છે સરખા રે " જાન. "
" ફીરોજગર " ફતેહમંદીનો બક્ષનાર
પાળે છે, પાળીને તે રક્ષનાર !
" ખુદાવંદ " ખલકતનો પરવરદેગાર
સદા તે ખુબીનો બરેલાજ યાર.

"અહુર-મજદ" તો માહાગ્નાનીજ છે
દાની ને શાની ને ગ્નાનીજ છે.
"અબરીન-કોહુન-તમામ" તો સૌથી સરસ
જાળવે અસલ્યાત સાથે તે રસ.
નવીન જે પેદાયશ બનાવે તમામ
કામેલ તેમાં "અબરીન-નો-તવાન."

"વસ્પાન" ચિન્જોને પોહોંચી વળે
હમેશાં બનાવે, તે ન્યારી કુળે.
"વસ્પાર"—એપાર પોહોંચીજ જાય
આપીને સૌને તે રાજીજ થાય.

ખુદાવંદ-"ખાવર" સદા મહેરબાન
તેનાથી બરશો તમારો દમામ
"અહુ" માંજ હસ્તીને માનો તમે!
સદા તેથી સુખી ને ખુશી તમે.
માફી તો દે છે તુરત "અવખ્શીદાર"
તે થી જ પા મો ક રા રો-ક રા ર!

"દા દા ર"—ઇ ન્સા ફ થી સૌ જુ વે
ન્યાય તે દે, જેથી ન કો રૂવે.
"રયોમંદ" ઝલકતો ને પુર નુર છે
હઝારો નુર તેનું એક નુર છે.

"ખોરેહોમંદ" માં બર્યું બારી ખુરેહ
ઝલકતું સદા તે હઝારો નુરે.
"દાવર" તો રાસ્તીનો ચાહનાર છે
સદા સુખ તેથી તું પાહાનાર છે.
સવાબોનો સાહેબ છે "કેરફેગર"
તેની તરફ ત્હારૂં મુખ શીર ધર!

"બોખ્તાર" સદા દેશે છુટકારબી
દાદ તેથી ચાહશે જો રંક રાયબી.
"ફ્રશ-ગર" તો ઉરવાનને વૃદ્ધિ કરે
ખીલવીને તેમાં બુદ્ધિ બરે.

... ...

અરે નર, નારીઓ નેક નામદાર !
તમારોજ "અહુરા" રહે બસ યાર !
નમાવીને સરને, અહુરને ભજો !
સદા તમના બારે, ખુશાલી થજો !
સદા સૌને બારે સદા રહે સુખ
"અહુરાની દીન" નું રહે હસ્તું મુખ !
સાચ્ચા, ને નેકીમા નામવર થજો !
"હરમીસ" ચાહે કે "અહુરને ભજો !"

દાદારની યાદી, તે નિતી નિશાણુ છે. દાદારને નમન, તે ધર્મપર ધ્યાન છે. દાદારના બાક, તે સચ્ચાઇ યકીન છે. દાદારની દાદ, તે સર્વપર મયા છે. દાદારનું બાન, તે પ્રીતનું પ્રમાણ છે. દાદારની ખુશી, તે બીજાનું ભલું છે—સદા તેને યાદ કરો, પિતા, માતા, ભાઇ બહેન, સગા સ્નેહી અને સઘળા, તેથી આબાદ થશે !
મુનાજાત વજાડવાની ચાવી. પઃ ત્રીતાલ.

	૦	૧	૨	૩ ય
				સા
(ય)	જદનામ	ત્હાxxરૂ	આxરાંધુ	હુxxx
	સાસાગમ°	પxગમ°	પxની°ધ	પxxx
	આxરાધી	નેxખુશ	હુબહુર	હુxxx
	મ°xધધ	ની°xધપ	ધમ°xગ	મxxx
				૧
(૧)	બીxનામ	બીxજુને	હરવેસ્પત	વાxxન
	સાxસાસા	સાxસાસા	ધસાxની°	ધxxx
	મુખ પર	લેxતાંજ	ખુશ રહે	છે જાનx
	મ°મ°ધધ	ની°xધપ	ધધમ°x	ગમ°xx

માલકોશ ત્રીતાલ.

(ય)				ય.
(ગ)				ગ.
	જદનામ	ત્હાxxરૂ	આxરાંધુ	હુxxx
	મ°xસાસા	ની°સાધ°ની°	સાxમ°મ°	મ°xxx
	આxરાધી	નેxખુશ	હુબહુર	હુxxય=જદ
	ગ°મ°ધ°ની°	સાxસાસા	સાસાxસા	મxxગ°=મ°x
(૧)	બીxનામ	બીxજુને	હરવેસ્પત	વાxxન
	ગ°મ°ધ°ની°	સાxધ°ની°	સાસાxસા	સાxxx
	મુખપર	લેxતાંજ	ખુશ રહે	છે જાનય=જદ
	સાસાસાની°	ની°xધ°મ°	ધની°સાx	ની°ની°xગ°=મ°

કર્તાના બીજા પૂસ્તકો.

"મિનોઇ મજાહ"–(પાક અષો જરથુસ્ત્ર તથા અહુરા-
મજદાની ભક્તિભાવના ગાયનો
નોટેશન સાથે) કીમત આના ૪

"મધુરિકા"–(યાને સુબોધ સંગિતની રંગીત રચના
તરજુમા સાથે) કીમત આના ૧૨

"કયાની કિર્તન"–(યાને ગયોમર્દથી, શાહ જમશેદ
અને ઝોહાકનું દાસતાન–સંગિત)
કીમત આના ૪

"સગન સંગિત"–(નવજોત, લગનના સર્વ સગન, વરસ
ગાંઠ, તથા સુભ પ્રસંગના ગાયનો)
નોટેશન સાથે કીમત આના ૬

"રેહબરે રોશની"–(અષો જરથુસ્ત્રનુ જન્મ વૃત્તાંત,
બૈત તથા સંગિત–નોટેશન સાથે)

"દાદારનૂ દાસ્તાન"–(યાને દાદાર અહુરમજદના ૧૦૧
નામો તફસીલ કીમત આના ૨

"મધુરીકા" ના ગાયનોની બની શકે તેટલી નોટેશનનો હવાલો **"સગન સંગિત"** તથા **"રેહબરે રોશની"** માંથી મલશે.

જે નોટેશન પર કસીબી, ઉપર યા નિચે આડી નિશાણી નથી, તે સુર, "મધ્ય" સપતકના સમજવા. જે નોટેશનની નિચે આડી લીટી હોય, તે "મંદ" સપતક યાને પહેલા સપતકના, તેમજ ઉપર લીટી હોય, તે "તાર" સપતક યાને છેલ્લા સપતકના સમજવા.

ટુંક વખતમાં છપાઇ બહાર પડશે **"નસીબનો નાંઝ"**—એક મોટી વાર્તા.